
# ધનસુરાના ડૉકટરે ૧૭ લાખની માતબર રકમ પરત કરી માનવતા મહેકાવી

ધનસુરા, તા. ૨૬

વર્તમાન સમયમાં પારકા રૂપિયા અને દાગીના માટે ભાઈ-ભાઈને રહેંસી નાખતા ખચકાતો નથી ત્યારે ધનસુરાના આયુર્વેદિક ડોકટરે રસ્તામાંથી મળેલા રોકડ રૂપિયા અને દાગીનાની ભરેલી રૂ. ૧૭ લાખની માતબર રકમ મૂળ માલિકને પરત કરી સમાજમાં પ્રમાણિકતાનું શ્રેષ્ઠત્તમ ઉદાહરણ પુરું પાડયું છે અને સમાજમાં માનવતા હજુ જીવંત છે તેવું સાબિત કરી બતાવ્યું છે.

આજથી ૧૦ દિવસ અગાઉ ધનસુરાના આયુર્વેદિક ડોકટર રમેશભાઈ સથવારા ધનસુરા નજીકના ગઢીમાતા મંદિરે દર્શન કરવા સાંજે પોતાના બાઈક પર પસાર થઈ રહ્યા હતા દરમિયાન માર્ગ પરથી ડોકટરને એક થેલી મળી હતી જે થેલી ડેકીમાં મુકી દર્શન કરી પરત દવાખાને આવ્યા હતા. દવાખાને જઈ થેલીને ખોલીને જોતા તેમાં ૧૦૦૦ અને ૫૦૦ રૂપિયાની ચલણી નોટોના બંડલ અને સોનાના દાગીના હતા. આથી ડોકટરે આસપાસમાં તપાસ કરી પૂછપરછ કરી હતી પરંતુ કઈ વ્યકિત આ થેલી અંગે પુછપરછ કરવા પણ ન આવ્યો હતો. ડોકટરે ટેકનોલોજીનો ઉપયોગ કરી વોટસએપ પર પણ જાહેરાત કરી હતી. આખરે ૧૦ દિવસ વીતી ગયા છતાં કોઈ આ થેલી લેવા ન આવતા ડોકટરે થેલીમાં મુકેલા ચલણી નોટોના બંડલમાંથી એક મોબાઈલ નંબર મળતા તે નંબર પર સંપર્ક કર્યો હતો સામે ફોન પર એક મહિલા આ હકીકત સાંભળી આ અમારા સગાની થેલી છે થોડા દિવસ પહેલા દહેગામથી દિકરીના લગ્ન માટે દાગીના લઈ વતન સંતરામપુર જતા હતા. દરમિયાન ધનસુરાથી લાખણેચી માતાના મંદિરે દર્શન કરી પિતા પુત્રી પરત શકિતનગર ધનસુરા માર્ગ પર પસાર થતા થેલી પડી ગઈ હતી.જેથી ડોકટરે સઘળી હકિકત મેળવી તમામ રોકડ અને દાગીના પરત કર્યા હતા અને પ્રમાણિકતાની મહેંક પ્રસરાવી હતી.



ગાંધીનગર શહેરને સુંદર નૈસર્ગિક વારસો મળ્યો છે. ઈન્દ્રોડા પાર્કની ઝાડીઓમાં અગેઈન્સ લાઈટમાં સૂર્યનાં પહેલાં કિરણોની સુંદરતા વચ્ચે નિર્ભય થઈને માના આંચળને વળગેલું બચ્ચું તથા એકદમ સચેત રહીને બચ્ચાને દૂધ પીવડાવતી નીલગાયનું આ દશ્ય ગાંધીનગર સિવાય અન્ય શહેરો માટે દુર્લભ છે. ગાંધીનગરમાં મૉર્નિંગ વૉક કરતાં-કરતાં આવું દશ્ય સહજપણે જોવા મળી જાય તો આખો દિવસ મન પ્રફૂલ્લિત રહે છે.

તસવીર : નિકુંજ પી. વૈશ્યક

# રાજ્ય કર્મચારીને ઘર ભાડામાં ૧૦ ટકા સુધીનો વધારો કરાશે

## મેટ્રોસિટીમાં વસવાટ કરતા હજારો કર્મચારીઓને ફાયદો થશે : ટૂંક સમયમાં જ ભથ્થામાં વધારાની જાહેરાત કરાશે

અમદાવાદ, તા. ૨૬

કેન્દ્ર સરકારે તાજેતરમાં કર્મચારીઓના મોધવારી ભથ્થામાં કરેલા વધારાને પગલે ગુજરાત સરકારના, ખાસ કરીને અમદાવાદ અને ગાંધીનગરમાં વસતા કર્મચારીઓના એચઆરએ (હાઉસિંગ) ભથ્થામાં ૧૦ ટકાનો વધારો થાય તેવી શકયતા છે. સરકારના વિવિધ વિભાગોના કર્મચારી આગેવાનોએ નાણાપ્રધાન સૌરભ પટેલ સમક્ષ ટ્વીન સિટી-મેટ્રો સિટીના ધોરણે અમદાવાદ-ગાંધીનગરના કર્મચારીઓને લાભ આપવા રજુઆત કરી હતી.

સરકાર આગામી ટૂંક સમયમાં કર્મચારીઓના ભથ્થામાં વધારાની સત્તાવાર જાહેરાત કરશે. કેન્દ્ર સરકારે તાજેતરમાં કર્મચારીઓના મોધવારી ભથ્થુ ૧૧૩ ટકાથી વધારેની ૧૧૯ ટકા કર્યું છે. જેમા મેટ્રો સિટીના કર્મચારીઓને ૨૦ ટકાને બદલે ૩૦ ટકા એચઆરએ જાહેર કરાયું છે. ગુજરાત સરકારના કર્મચારીઓએ રાજયના નાણાંપ્રધાન સમક્ષ અગાઉ કેન્દ્ર સરકારે અમદાવાદને મેટ્રોસીટી અને ગુજરાત સરકારે અમદાવાદ-ગાંધીનગરને ટ્વીન સિટી જાહેર કર્યું છે. ત્યારે તે મુજબના લાભ આપવા રજુઆત કરી હતી. કેન્દ્ર સરકારના અમદાવાદ અને ગાંધીનગરમાં વસતા કર્મચારીઓને જુલાઈથી જ ૩૦ ટકા લેખે એચઆરએ મળતું થઈ ગયું છે. જ્યારે ત્રણ વર્ષ પછી પણ ગુજરાત સરકારના કર્મચારીઓના એચઆરએ અંગે કોઈ નિર્ણ લેવાયો નથી. ત્યારે કર્મચારી આલમમાં મહાનગરપાલિકાની ચૂંટણીઓ પહેલા સરકાર આ જાહેરાત કરે તેવી માંગ ઊઠી છે. સરકારી સૂત્રોએ જણાવ્યું કે, એચઆરએમાં વધારો કરવા માટે નાણાં નાણાં વિભાગે લીલીઝંડી આપી દીધી છે અને રાજય સરકાર આગામી ટૂક સમયમાં એચઆરએમાં ૧૦ ટકાનો વધારો કરે તેવી પુરી શક્યતા છે. સરકારના આ નિર્ણયથી અમદાવાદમાં વસતા આશરે ૪૦થી ૫૦ હજાર કર્મચારીઓ અને ગાંધીનગરમાં વસતા કર્મચારીઓને લાભ મળશે.

# અનામત પેકેજ જાહેર થતા અરવલ્લી ભાજપ કાર્યકરોએ મીઠાઈ વહેંચી ખુશી વ્યક્ત કરી



મોડાસા, તા. ૨૬

અનામતના આંદોલનને છેલ્લા બેમાસથી સમગ્ર ગુજરાતને બાનમાં લીધું છે. તેના કારણે સરકારના પાયા હચમચાવી નાખ્યા હતા. તેવામાં ગુજરાત સરકાર તરફથી બિનઅનામત પેકેજ જાહેર કરતાં પાટીદારો તથા અન્ય કોમને પણ આ રાહત પેકેજનો લાભ થશે. જેથી મોડાસામાં ભાજપ દ્વારા આતશબાજીનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક એવા મોડાસા શહેરમાં ભાજપના કાર્યાલય ખાતે ભાજપના સૈનિકો એકઠા થયા હતા. તેવામાં ગુજરાત સરકાર દ્વારા પાટીદાર આંદોલનને લઈ રાહત પેકેજ જાહેર કતાં પાટીદારો અને ભાજપના કાર્યકરોમાં ખુશીની લહેરો દોડી હતી. જેના કારણે અરવલ્લી ભાજપના કાર્યકરો જેવા કે ભરતસિંહ રહેવર, ધીરૂભાઈ પ્રજાપતી અને અન્ય કાર્યકર્તાઓ દ્વારા મોડાસા ચાર રસ્તા ઉપર આતશબાજી કરી અને એક બીજાના મોં મીઠા કરાવ્યા હતા.

પાટીદારો જણાવે છે કે છેલ્લા બે ત્રણ માસથી ચાલતુ આ આંદોલન ગતિશીલ ગુજરાતના મુખ્યમંત્રી અને ગુજરાત સરકાર એ બિન અનામત કોમ માટે જે પેકેજ જાહેર કરવાના કારણે પાટીદાર સહિત અન્ય કોમને ખુબ ફાયદો થશે જેથી સહુ લોકોએ સાથે મળી આનંદ વ્યક્ત કર્યો હતો.

# ખેરોજ પાસે આવેલ સાબરમતી નદીમાં ડૂબી જતા અજાણ્યા ઈસમનું મોત

હિંમતનગર, તા. ૨૬

ભાદરવી પૂનમ નિમિત્તે અનેક માઈભકતો ચાલીને અંબાજી જઈ રહ્યા છે ત્યારે ખેડબ્રહ્મા તાલુકાના ખેરોજ પાસે આવેલ સાબરમતી નદીમાં ગુરૂવારે મોડી રાત્રે ડૂબી જતા એક અજાણ્યા ઈસમનું મોત નિપજયુ હતું. ત્યારબાદ તેને શુક્રવારે પીએમ માટે ખેડબ્રહ્મા સિવિલમાં લવાયા હતા. જે અંગે ખેરોજ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ ખેરોજ પાસેની સાબરમતી નદીમાં એક અજાણ્યા યુવક ડૂબી જતા તેનું મોત નિપજયુ હતું.

જે અંગે નદી નજીક રહેતા કનુભાઈ ચુનીભાઈ સોલંકીએ તરત જ ખેરોજ પોલીસ સ્ટેશનમાં જાણ કરી હતી. ત્યારબાદ પોલીસે લાશને બહાર કાઢી પીએમ માટે ખેડબ્રહ્મા સિવિલમાં લવાઈ હતી. જોકે આ મૃતક અંબાજી જતો પદયાત્રી હોવાની ચર્ચા ચાલી રહી છે. બનાવ અંગે કનુભાઈ સોલંકીએ ખેરોજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.



# પાટીદારો દ્વારા શહીદ દિવસ ઉજવાયો

૨૫ ઓગસ્ટના રોજ અમદાવાદ ખાતે યોજાયેલી ક્રાંતિ રેલી બાદ ફાટી નીકળેલા તોફાનોમાં કેટલીક પાટીદાર યુવાનો મૃત્યુ પામ્યા હતા. જ્યારે સમગ્ર ગુજરાત રાજ્યમાં પાટીદારો દ્વારા અનામત આંદોલન દિવસે ને દિવસે વેગવંતુ બનાવવામાં આવી રહ્યું છે જ્યારે આ તોફાનોમાં મૃત્યુ પામેલા પાટીદાર યુવાનોને આજે એક મહિનો થતાં પાટીદાર અનામત સમિતિ દ્વારા આજના દિવસને પાટીદાર શહીદ દિન ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તેમાં આજરોજ બાયડ તાલુકાના ચોયલા ગામે પીટાદર શહીદોની મીણબત્તી પ્રગટાવી શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી.

# હૂંજની સીમમાં બકરા ચરાવવા ગયેલી યુવતીની આબરૂ લૂટવાનો પ્રયાસ

હિંમતનગર, તા. ૨૬

હિંમતનગર તાલુકાના હૂંજ ગામની સીમમાં જંગલ ખાતાની નર્સરી પાસેના ખેતરમાં બકરા ચરાવવા ગયેલી યુવતીની એકલતાનો લાભ ઉઠાવી ગુરૂવારે બપોરે બાઈક પર આવેલા એક શખ્સએ યુવતીની આબરૂ લૂંટવાનો પ્રયાસ કરતા બૂમાબૂમ કરી મુકી હતી. યુવતીની બૂમાબૂમને પગલે છેડતી કરનાર શખ્સ ઘટના સ્થળે જ પોતાનું બાઈક મુકી ભાગી છુટયો હતો. દરમિયાનમાં અનુ. જનજાતિ સમાજની યુવતીએ ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં ભાગી છુટેલા શખ્સ વિરૂધ્ધ ફરિયાદ દર્જ કરાવતા પોલીસે ગુનો નોંધી ફરાર શખ્સની શોધખોળ હાથ ધરી છે.

યુવતીની આબરૂ લૂંટવાની ઘટના અંગે પ્રાપ્ત વિગત અનુસાર તાલુકાના હૂંજ ગામની અનુસૂચિત જનજાતિ સમાજની એક યુવતી ગુરૂવારના બપોરના સુમારે જંગલ ખાતાની નર્સરી પાસેના ખેતરમાં બકરા ચરાવતી હતી. તે દરમિયાન બાઈક નં. જીજે. ૦૯. સીએન.૯૪૯૬ પર આવેલા હિંમતનગર તાલુકાના શીહોલી ગામના ગોવિંદસિંહ બળવંતસિંહ ચૌહાણે યુવતીની એકલતાનો લાભ ઉઠાવી બાથમાં ભીડી નર્સરીમાં ખેંચી લઈ ગયો હતો. તે દરમિયાન યુવતીએ બૂમાબૂમ કરી મુકતા નજીકમાંથી જ મહિલાનો ભાઈ તથા તેણીની માતા ઘટના સ્થળ પર દોડી આવતા છેડતી કરનાર ગોવિંદસિંહ સ્થળ પર જ પોતાનું વાહન છોડી ભાગી છુટયો હતો.



**મા ના ચરણોમાં શીષ ઝુકાવી વતનની વાટ ભણી**

મા જગદંબાના દર્શને આવેલ ભકતોએ મા ના ચરણોમાં શીષ ઝુકાવી જે વાહનમાં જગ્યા મળી તેમાં તથા છત ઉપર સવારી કરી વતનની વાટ પકડી હતી.

# અરવલ્લીમાં ડેન્ગ્યુએ ફરી માથુ ઉંચક્યું બોલુન્દ્રાની મહિલા ડેન્ગ્યુની ઝપેટમાં

મોડાસા, તા. ૨૬

અરવલ્લી જિલ્લામાં રોગચાળાએ ફરી પાછુ માથુ ઉંચક્યું છે. જિલ્લામાં વકરી રહેલા ડેન્ગ્યુના રોગે ફફડાટ ફેલાયો છે. મોડાસાના બોલુન્દ્રા ગામની મહિલાને શંકાસ્પદ ડેન્ગ્યુમાં સપડાતા આરોગ્યતંત્રમાં દોડધામ મચી છે. આરોગ્ય વિભાગે શંકાસ્પદ ડેન્ગ્યુ જણાઈ આવતાં આરોગ્ય વિભાગ દ્વારા બોલુન્દ્રા ગામમાં ટીમો ઉતારી દઈ સર્વેની કામગીરી હાથ ધરી હતી. મહિલાને મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સઘન સારવાર હાથ ધરાઈ હતી. રાજ્યભરમાં વકરી રહેલા ડેન્ગ્યુ અને સ્વાઈનફલુના રોગચાળાથી ચારેકોર ફફડાટ વ્યાપી રહ્યો છે. ત્યારે આ રોગચાળો ધીરે ધીરે અરવલ્લી જિલ્લામાં પ્રસરી રહ્યો હોવાથી જિલ્લાના પ્રજાજનો ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે. મોડાસા તાલુકાના બોલુન્દ્ર ગામની રાજપૂત પરિવારની ૫૧ વર્ષિય મહિલાને ચાર દિવસથી સતત તાવ રહેતા મોડાસાની ખાનગી હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી હતી. મહિલાને સઘન સારવાર બાદ પણ તાવ ન ઉતરતા ખાનગી હોસ્પિટલના તબીબને મહિલાને ડેન્ગ્યુ જેવા લક્ષણો જણાઈ આવતાં પરિક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું.

# હજ પઢવા ગયેલ સવગઢની મહિલાનું મોત થતાં દફનવિધિ મક્કામાં કરાશે

હિંમતનગર, તા. ૨૬

હિંમતનગર પાસેના સવગઢ ગામનું દંપતિ હજ પઢવા માટે તાજેતરમાં મક્કા ગયુ હતું. જયાં શેતાનને પથ્થર મારવાની ક્રિયા પૂર્ણ થયા બાદ અચાનક ભાગદોડ મચી ગઈ હતી. જેમાં સવગઢની મહિલાને ભાગદોડ દરમિયાન અચાનક શ્વાસ ચઢી જતા મોત નિપજયુ હતું. જે અંગેની જાણ સવગઢમાં થતાં આખુ ગામ શોકમગ્ન બની ગયુ હતું. ઉપરાંત શુક્રવારે મૃતકના પરિવારે ઈદ પણ મનાવી ન હતી. જોકે રોમાનબેન રેવાસીયાની દફનવિધિ મીના ખાતે થનાર હોવાનું પરિવારજનો દ્વારા જણાવાયુ હતું.

આ અંગેની વિગત એવી છે કે સવગઢમાં રહેતા તોફીકભાઈ હુસેનભાઈ રેવાસીયા અને તેમના પત્નિ રોમાનબેન તોફીકભાઈ રેવાસીયા હજ કિમિટીના કવોટામાં અન્ય હાજીઓ સાથે ગત તા.૧૭ સપ્ટેમ્બરના રોજ મક્કાના મીના ખાતે ગયા હતા. દરમિયાન ગુરૂવારે દેશવિદેશથી આવેલા હાજીઓ દ્વારા શેતાનને પથ્થર મારવાની ક્રિયા પૂર્ણ કરી હાજીઓ પરત આવતા હતા. જયાં અચાનક ભાગદોડ મચી ગઈ હતી. જેના કારણે સવગઢના રોમાનબેન રેવાસીયાને શ્વાસ ચઢી જતા મોત નિપજયુ હતું. ત્યારબાદ આ અંગે સવગઢ ગામે ખબર પડતા અનેક લોકો શોકમગ્ન બની ગયા હતા.

આ અંગે તોફીકભાઈ રેવાસીયાના પરિવારજન અતીકુરભાઈ હુસેનભાઈ રેવાસીયાના જણાવ્યા મુજબ ગત તા.૧૭ સપ્ટેમ્બરના રોજ સવગઢ ગામના ૧૭ દંપતિ હજ કમિટીના કવોટામાં હજ પઢવા માટે મક્કા ગયા હતા. જયાં બનેલી દુર્ઘટના અમારા પરિવાર માટે આઘાતજનક સાબિત થઈ છે. જોકે રોમાનબેનની દફનવિધિ મીના ખાતે કરાશે તેમ તેમણે જણાવ્યુ હતું.

## વન્યસૃષ્ટિ પરિચય (ચોથા પાનાનું ચાલુ...)

છે તે સંદર્ભે લખ્યું છે કે 'ખુદા સે ડરો, કુદરત કો બરબાદ મત કરો, અલ્લાહ હર ગુનાહ કો દેખતા હૈ, ઈસલિયે દોઝખ એવમ સજાએ બની હૈ'

કુરાન મજીદમાં વારંવાર ઉલ્લેખ કરાયો છે કે કુદરતને સમજો, જ્ઞાન મેળવો, વૃક્ષ-છોડ, જમીન-પથ્થરો, ચાંદ-તારા, ફળ-ફૂલ બધાથી રહમ કરો. શું તમે જોતા નથી કે અલ્લાહે બધાને પ્રેમ કરે છે જે સ્વર્ગમાં છે, જમીન પર છે. ચાંદ-સુરજ, તારા, પહાડ, વૃક્ષ છોડ, પ્રાણીઓ અને ઘણાં માનવો. અને આ બધું તેને માનવોના લાભ માટે બનાવેલ છે.

ઈસ્લામી ઉસુલ બતાવે છે કે જાનવરોના પણ હક્ક છે જે કુદરતે તેને આપ્યા છે. તેનાથી જાનવરોને દૂર રાખવાની ખુદાની નજરમાં કેટલો મોટો ગુનો છે અને તેની સખતમાં સખત સજા મળી શકે છે. માનવો જાનવરો પાસેથી પ્રેમ અને દયા દાખવીને કામ લઈ શકે છે કારણ કે જાનવરો કશું બોલી શકતા નથી, અબોલ છે.

હસરત રસૂલ અલ્લાહ સલ્લાહ અલૈહ વ વસલ્લમ ફરમાવે છે કે જે જાનવરોને જીવવાનો પુરેપુરો અને સમાન અધિકાર છે. કોઈ વ્યક્તિ નાના જંતુનો પણ જીવ લેશે તો ખુદા તેનો ન્યાય કરશે અને કોઈ વ્યક્તિ નાના અમથા પક્ષી પર દયા કરશે, તેનો જીવ બચાવશે, રક્ષા કરશે અને કયામતને દિવસે ખુદા તેના પર દયા કરશે.

પ્રત્યેક ધર્મ, તેના ધર્મગ્રંથો, સંદેશાઓ ખુબ જ સ્પષ્ટ છે ભગવાન કે ખુદા તેના પર દયા કરશે.

પ્રત્યેક ધર્મ, તેના ઘર્મગ્રંથો, સંદેશાઓ ખુબ જ સ્પષ્ટ છે ભગવાન કે ખુદાએ બધાને બનાવ્યા છે, બધાને જીવવાનો સમાન અધિકાર છે અને અન્ય જીવ પરની ક્રૂરતા, અત્યાચાર કે હત્યા એ પાપ છે અને તેનું ફળ જે તે એ ભોગવવાનું જ છે. ધર્મ ખરેખર જે કહે છે તે આપણે સમજતા નથી અને તેમાં પણ સ્વાર્થ પ્રમાણે અર્થઘટન કરીને આપણી જાતને સર્વોપરિ સિદ્ધ કરવામાંથી બહાર આવતા નથી તે છેવટે આપણાં માનવ અસ્તિત્વ માટે જ ઘાતક નિવડનાર છે.

**(સંદર્ભ : જાનવરો કે લીયે ઇસ્લામી નજરીયા : અલહાફીજ બી.એ. માસરી)**

## મિનિટો બાદ જ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

તપાસ શરૂ થઈ હતી. સવારે ૭.૩૦ વાગે સંકટ મોચન મંદિર માટે તેમના સત્તાવાર નિવાસસ્થાનથી ૮૧ વર્ષીય નેતા રવાના થઈ રહ્યા હતા તેના મિનિટો બાદ જ આ કાર્યવાહી શરૂ થઈ હતી. તેમની બીજી પુત્રીના લગ્નને લઈને મંદિરમાં વિધિ કરવામાં આવનાર હતી. કોંગ્રેસના વરિષ્ઠ નેતા ગુલામ નબી આઝાદે કહ્યું છે કે, આ પગલા ખુબ જ દ્વેષભાવથી લેવામાં આવ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઘૃણાસ્પદ એજન્ડાને આગળ વધારવાના હેતુસર કાર્યવાહી કરાઈ છે. કોંગ્રેસ પાર્ટી અને તેના નેતાઓ પ્રત્યે દ્વેષભાવ રાખવામાં આવે છે. આના ભાગરુપે જ પક્ષના સૌથી વરિષ્ઠ નેતાના આવાસ પર દરોડા પાડવામાં આવ્યા છે. તેમની પુત્રીના લગ્ન થઈ રહ્યા ત્યારે જ સીબીઆઈની ટીમ પહોંચી હતી.

આ પગલા રાજનીતિનો આઘાતજનક દાખલો બેસાડે છે. એક બાજુ સમગ્ર પરિવારના લોકો જેમાં મહેમાનો વરવધુમાં સામેલ હતા. બીજી બાજુ લગ્ન માટે મંદિરની પસંદગી કરાઈ હતી. મોદી સરકાર તેમના રાજકીય હરીફો સામે બદલાની ભાવનાથી કામગીરી કરી રહી છે. રાજયસભામાં વિપક્ષના નેતા આઝાદે કહ્યું હતું કે, ૧૮ સભ્યોની અધિકારીઓની ટીમ સિંહના આવાસ પર પહોંચી હતી. પુત્રીના લગ્ન માટે પરિવારના સભ્યો અને સિંહ રવાના થયા તેના મિનિટો બાદ જ અધિકારીઓ પાંચ વાહનોમાં પહોંચ્યા હતા. મુખ્યમંત્રી અને તેમના પરિવારના સભ્યો ૧૧ વાગ્યાની આસપાસ સાદા લગ્ન કાર્યક્રમ બાદ ઘરે પરત ફર્યા હતા પરંતુ મિડિયા સાથે વાતચીત કરી શકવાની સ્થિતિમાં ન હતા. બીજી બાજુ ભાજપ દ્વારા તેમના રાજીનામાની માંગ કરવામાં આવી છે.

## સીબીઆઈના દરોડા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

વિક્રમાદિત્ય અને પુત્રી અપરાજિત સામે પણ તપાસ હાથ ધરવામાં આવી છે. આવકના જાણીતા સાધનોની સામે અપ્રમાણ સંપત્તિ કેસમાં તપાસ ચાલી રહી છે. આવનાર દિવસોમાં વીરભદ્ર સિંહ સામે વધારે મુશ્કેલભર્યા હોઇ શકે છે. બીજી બાજુ આજે સવારે દરોડાની કાર્યવાહી શરૂ થતાની સાથે જ કોંગ્રેસની છાવણીમાં પણ ખળભળાટ ફેલાઇ ગયો હતો. અપ્રમાણ સંપત્તિ કેસમાં વીરભદ્રસિંહની મુશ્કેલી સતત વધી રહી છે. દરોડાની કાર્યવાહી એ વખતે શરૂ થઇ હતી જ્યારે તેમની પુત્રીના લગ્ન થઇ રહ્યા છે. પરિવાર દ્વારા એકત્રિત કરવામાં આવેલી અપ્રમાણ સંપત્તિ મામલામાં સીબીઆઈએ આક્રમક તપાસ શરૂ કરી છે.

શનિવારે આ તપાસ એફઆઈઆરમાં ફેરવાઈ ગઈ હતી ત્યારબાદ દરોડાની કાર્યવાહી શરૂ થઇ હતી. સીબીઆઈએ આક્ષેપ કર્યો છે કે, વીરભદ્રસિંહ અને તેમના પરિવારના સભ્યોએ વર્ષ ૨૦૦૯-૨૦૧૧ વચ્ચેના ગાળામાં જ્યારે તેઓ સ્ટીલ પ્રધાન તરીકે હતા ત્યારે ૬.૧ કરોડ રૂપિયાની ગેરકાયદે આવક અથવા તો સંપત્તિ ઉભી કરી હતી. વીરભદ્રસિંહ એ વખતે કેન્દ્રીય સ્ટીલ પ્રધાન તરીકેનો હવાલો સંભાળતા હતા. વીરભદ્રસિંહે તેમના નામ અને તેમના પરિવારના સભ્યોના નામે એલઆઈસી પોલિસી મેળવી એલઆઈસી એજન્ટ આનંદ ચૌહાણ મારફતે ગેરકાયદે રોકાણ કર્યું હતું. આમા દર્શાવવામાં આવ્યું હતું કે, સંપત્તિ તેમની કૃષિ આવકની છે. સીબીઆઈ દ્વારા ઓક્ટોબર ૨૦૧૩થી સિંહ સામે લાંચ રુશ્વતના મામલામાં તપાસ ચાલી રહી છે. વર્ષ ૨૦૧૪ની શરૂઆતમાં તેમની પુછપરછ પણ કરવામાં આવી હતી. સીબીઆઈએ અગાઉ હાઈકોર્ટમાં કહ્યું હતું કે, સિંહ સામે વર્ષ ૨૦૦૨માં હિમાચલના મુખ્યમંત્રી તરીકેના તેમના ગાળા દરમિયાન લાંચ અને ભ્રષ્ટાચારના આક્ષેપમાં તપાસ કરી શકે છે.

સીબીઆઈએ રાજ્ય ટ્રેડિંગ કોર્પોરેશન દ્વારા કરાયેલી ફરિયાદના આધાર પર ઓક્ટોબર ૨૦૧૩માં પીઈ નોંધીને તપાસ હાથ ધરી હતી. એવો આક્ષેપ કરાયો છે કે, સિંહે નાણાંકીય વર્ષ ૨૦૦૯-૧૦, ૨૦૧૦-૧૧ અને ૨૦૧૧-૧૨માં આઈટી રિટર્નમાં કહ્યું હતું કે, તેમની કૃષિ આવક ક્રમશ: ૭૩૫૦૦૦, ૧૫૦૦૦૦૦ અને ૨૫૦૦૦૦૦ રૂપિયા થઇ હતી જે આવક વેરા મુક્તિ ધરાવે છે. ૨૦૧૨માં સિંહે આઈટી રિટર્ન દાખલ કરીને કૃષિ આવકમાં સુધારો કર્યો હતો અને કહ્યું હતું કે, ત્રણ વર્ષમાં તેમની આવકમાં ૧૮થી ૩૦ ગણો

**ટચૂકડી જાહેર ખબર**

**સેમિનાર/ટ્રેનિંગ માટે**
**હોલ ભાડે મળશે**
આશરે ૫૦ વ્યક્તિ બેસી શકે તેવો A.C. હૉલ, પ્રોજેક્ટર સાથે, સે. ૨૧
મો. : ૯૯૭૮૭ ૭૨૦૪૩

**બ્યુટી પાર્લર**
(લેડીઝ ઓન્લી)
ધમાકેદાર 4-in-1 ઓફર !!!
ફેશિયલ + વેક્સ + બેક મસાજ + થ્રેડીંગ (આઈબ્રો+અપરલીપ્સ)
માત્ર રૂ. ૫૦૧/-માં...
**હોમ સર્વિસ**
એપોઈન્ટમેન્ટ માટે કૉલ કરો
મો. : ૯૪૨૬૫ ૬૬૨૦૧
મો. : ૮૭૩૫૦ ૪૨૮૩૦

**ટેક્સ સેવીંગ**
મ્યુચલ ફંડ
દર મહિને ૨૦૦૦ રોકી, ૬૦ લાખ મેળવો.
મો. : ૯૯૨૫૪ ૫૦૩૫૦

**તાત્કાલિક વેચવાનું છે**
સેક્ટર-૨૮, ગ્રાઉન્ડ ફ્લોર 2BHK ફ્લેટ, ૯૦ ચો.મી., વ્યાજબી કિંમતે
મો. ૯૮૨૪૨ ૭૧૯૫૮
ફોન : ૨૩૨ ૧૧૦૬૪